

## ‘દ્રવ્યદષ્ટિ પ્રકાશ’માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર

(૨૧)

કલકત્તા
૨૯-૬-૫૯

**આત્માર્થી પ્રત્યે**
**નિહાલચંદ્રના પરમ ધર્મસ્નેહ.**

આપનું કાર્ડ અજમેરથી મોકલાવેલું મને અહીં મળ્યું. હું લગભગ ૧૫ દિવસથી કલકત્તામાં જ છું. વ્યાપાર સંબંધી કાર્ય માટે આવેલો છું.

‘શ્રી ગુરુદેવ’ને અત્યંત ભક્તિપૂર્વક મારા નમસ્કાર અને બધા ભાઈઓને ધર્મસ્નેહ. મને અત્યંત ખેદ થાય છે કે મારું ત્યાં રહેવાને બદલે અહીં તહીં રહેવાનું થઈ રહ્યું છે. હમણાં લગભગ બીજા ૧૫ દિવસ સુધી અહીં જ છું અને કદાચ અધિકતર અહીં જ રહેવાનું થશે. ચોમાસામાં આશરે એક મહિનો ત્યાં રહેવાની અવશ્ય પૂર્ણ ભાવના છે.

‘સ્વામી કાર્તિકિયાનુપ્રેક્ષા’ની નકલો હું અજમેર ગયા પછી મોકલી શકીશ. અહીં કલકત્તામાં સોનગઢ સાથે સંબંધિત ક્યા ભાઈ રહે છે, જો બની શકે તો તેમનું સરનામું મોકલજો.

અને અહીંને યોગ્ય કાર્ય લખશો.

**ધર્મસ્નેહી**
**નિહાલચંદ્ર સોગાની**

(૨૨)

કલકત્તા
૨૦-૭-૬૧

ૐ

**શ્રી સદ્‌ગુરુદેવાય નમઃ**

**આત્માર્થી,**

પૂજ્ય ‘ગુરુદેવશ્રી’ સુખશાંતિમાં બિરાજતા હશે. સાધર્મીજનો સમવસરણ જેવા વાતાવરણમાં તેમની દિવ્યધ્વનિ જેવી અમૃતવાણીનો લાભ લઈને અનંત સુખ પ્રાપ્ત કરે – એ જ ભાવના છે.

આપનો તા. ૧૫-૭નો પત્ર મળ્યો, તે અગાઉ તો કોઈ પત્ર મળ્યો નથી. હીન પુણ્યયોગના કારણે સોનગઢ પ્રતિના વિકલ્પોની મુખ્યતા નહીં હોવાથી હું હજી સુધી એ તરફ આવી શક્યો નથી, તેનો મને અત્યંત ખેદ છે. ગત ત્રણ મહિનાથી તો એવા જ કંઈ યોગ થયા છે. પ્રથમ મારા પિતાજીનો સ્વર્ગવાસ થઈ ગયો. તેના એક મહિના પછી મારું પોતાનું શરીર છૂટી જાય એવો યોગ બની ગયો. કેટલીક વ્યક્તિઓએ મારી પાસે બૅગ જોઈને, તેમાં રકમ નહીં હોવા છતાં, રકમના ભ્રમથી મારા પેટમાં ૯ ઈંચ ઊંડું ખંજર હુલાવી દીધું. ડૉક્ટરને

**(અનુસંધાન પાના નં.૧૫ પર...)**

# સ્વાનુભૂતિપ્રકાશ

વીર સંવત-૨૫૪૫ : અંક-૨૪૮, વર્ષ-૨૩, જુલાઈ-૨૦૧૮

## અષાઢ સુદ ૮, રવિવાર, તા.૨૬-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૫૨-૫૩, પ્રવચન-૧૮

૫૨. '**જગતના કાર્યોમાં ફસાયેલ જીવ આત્માને ઓળખતો નથી.**' જુઓ! ઈ આવ્યું.
**धंधइ पडियउ सयल जगि णवि अप्पा हु मुणंति।**
**तहिं कारणि ए जीव फुडु ण हु णिव्वाणु लहंति।।५२।।**

'**જગતના બધા પ્રાણીઓ વ્યવહારમાં ફસાયેલા છે,...**' કોઈ રળવું, કોઈ ખાવું, કોઈ પીવું, કોઈ ભોગ, સમજાય છે? દુનિયામાં મોઢા આગળ પડવું, ખુરશીએ બેસવું, આબરુ કાઢવી, મોઢા આગળ સૌથી વધેલા દેખાડવું, એના ધંધામાં પડ્યા. ત્યાગી નામ ધરાવનારા પણ પુણ્ય, દયા, દાન, વ્રતના વ્યવહાર ધંધામાં પડ્યા. સમજાણું કાંઈ? એને નવરાશ ન મળે. આ મંદિર કરાવવું છે ને આમ કરાવ્યું છે. એ હોળી, એ બધો રાગનો ધંધો છે. સમજાણું કાંઈ?

મુમુક્ષુ : ધંધો તો છોડી દીધો છે.

ઉત્તર : ક્યાં ધંધો છોડ્યો? ક્યો ધંધો પણ? જેને એ બહારની... ઈ કહે છે, '**धंधइ पडियउ सयल जगि**'. આખું જગત ધંધા-વેપાર(માં પડ્યું છે). રાગના ધંધે પડ્યો છે. પછી કોઈ અશુભરાગનો ધંધો, કોઈ શુભરાગનો ધંધો (કરે). આત્મા કોણ છે એને જોવા અને વિચારવા ચોવીસ કલાક નવરો ન થાય. આ ખાવું છે ને આ પીવું છે ને આ ન ખાવું ને આ ધંધો, આ દયા પાળી ને આની ભક્તિ કરી, મેં ઉપદેશ આપ્યો એમાં સમજ્યા. ગયો, મરી ગયો, એમ ને એમ કહે છે. શુભરાગના ધંધામાં ભગવાનને ખોઈને બેઠો છે.

મુમુક્ષુ : વિસ્તાર વિશાળ છે.

ઉત્તર : ઈ વિશાળ જ છે. 'યોગસાર' છે કે નહિ? શું (કહ્યું)? આત્મા જ્ઞાનાનંદ સ્વભાવમાં જોડાણ થાય તેનું નામ યોગ. એ સિવાયના રાગાદિમાં જોડાણ થાય એ બધો (આત્મ)યોગથી વિરુદ્ધ યોગ. કહો, સમજાણું આમાં? સાધુ થઈને કે ત્યાગી થઈને નવરો ક્યાં (પડે છે)? કેટલા કાગળો, કેટલા પત્રો, કેટલા સમાચાર, કેટલા તારો.. એનો એ ધંધો, એ તો બધો પાપનો ધંધો (છે).

મુમુક્ષુ : એટલા પરિગ્રહ લૌકિકમાં પણ ન હોય.

ઉત્તર : એટલા કાગળ પણ ન હોય. ભાઈ! આહાહા..! સવારથી સાંજ એક તો માણસ રાખ્યો હોય. કેટલા કાગળ આવ્યા? કેટલા આવ્યા? એને લખો, આ કાગળ આને લખો. માળા! ધંધો જ આ છે તારો. ભગવાન ક્યાં ગયો તારો? કહો, સમજાણું આમાં?

'**જગતના બધા પ્રાણીઓ વ્યવહારમાં ફસાયેલા છે, તલ્લીન છે, તેથી નિશ્ચયથી આત્માને નથી માનતા.**' જુઓ! એ આત્માને માનતા જ નથી. (જે) પુણ્ય ને પાપના રાગના પ્રેમમાં ફસાયા તેને આત્મા શું છે, તેનો પ્રેમ છે

જ નહિ. સમજાણું કાંઈ? જગતના ધંધાવાળા અશુભભાવના પાપમાં આ કરું ને આ રળ્યા, છોકરા થયા ને પરણ્યાને આ થયું, કાંઈક વધ્યા.. ઈ ન્યાં પડ્યા. ત્યાગી નામ ધરાવનારા.. નામ ધરાવનારા, હોં! એ પણ શુભભાવના રાગમાં કદાચિત્ આ કર્યું ને આ લીધું ને આ દીધું ને ધૂળ કરી. એમાં પડ્યા એ બધા સલવાણા છે. 'સાંગો કહે સલવાણા, કંઈક ચડ્યા કંઈ પાળા' સમજાણું કાંઈ? જેલમાં પડ્યા છે, જેલમાં.

એક ઊંટને જેલમાં નાખ્યો ને એક શેઠને નાખ્યો. ઓલો શેઠ કહે, હું ઊંટ ઉપર બેઠો છું. પણ બેઠો છે જેલમાં ને? સમજાણું? એમ લૂગડાં ફેરવી નાગો થઈને બેસે, સાધુ પણ શેના નાગા? એ ક્રિયા તો જડની છે અને અંદરમાં કોઈ દયા, દાનના પરિણામ હોય તો વિકાર છે. ન્યાં ને ન્યાં ફસાયો. ભગવાનઆત્મા રાગની ક્રિયા, દેહ વિનાનો છે, એના આત્માનો પ્રેમ કરવાનો વખત લેતો નથી. 'યોગીન્દ્રદેવ' એમ કહે છે. આહાહા..!



ઈ બધી ખબર છે. તમે નાચનારા, ને (અમે) જોનારા. નાચનારને મહેનત પડે, ઓલા જોનારને મહેનત શું પડે? હેં? આમ નાચે છે, જોઈ લીધું, થઈ રહ્યું. જાઓ! એ..! ભાઈ! ભાષા કેવી લીધી છે, જુઓને!

સકલ જગત એમ લીધું છે ને? '**धंधइ पडियउ सयल जगि**' 'જગ' શબ્દમાં બધા લીધા, હોં! એકેએક. અમારે ધર્મ-ઉપદેશ કરવો, અમારે બીજાને સંભળાવવું છે, અમારે સમજાવવું છે, એ પણ આખો રાગનો ધંધો છે. ધૂળમાંય નિર્જરા નથી. નિર્જરા ક્યાં હતી? પ્રભાવના શેની? ધૂળમાં. રાગ થાય એમાં પ્રભાવના ક્યાં આવી? હેં?

મુમુક્ષુ : દિશા ફરી.

ઉત્તર : શેની દિશા ફરી? એની એ દિશા છે. પરની ને પરની દિશા છે.

સકલ જગત, લીધું છે. જુઓ! હેં? '**णवि अप्पा हु मुणंति**' જુઓ! એમાં આત્માને જોવા, જાણવા નવરો થાતો નથી. (આત્મા તો) તદ્દન નિર્વિકલ્પ તત્ત્વ છે. નિર્વિકલ્પ તત્ત્વ જેમાં એક વિકલ્પ શાસ્ત્ર સાંભળું ને શાસ્ત્ર બીજાને કહું, એ વિકલ્પનો જેમાં અવકાશ નથી. આહાહા..! આહાહા..! આ વીતરાગમાર્ગ છે. સર્વજ્ઞ પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા અંદર સમજીને અંદરમાં સમાઈ ગયા. સમજાણું કાંઈ?

કહે છે કે, જેને આત્માનો અંતર જ્ઞાનાનંદનો પ્રેમ નથી એ કોઈ અશુભના ધંધામાં ફસ્યા, કોઈ શુભરાગના વ્યવહાર ધંધામાં ફસ્યા. એ વ્યવહાર રાગ એ બધો સંસાર જ છે. આહાહા..! સમજાણું કાંઈ? પુસ્તક નવા નવા બનાવવા, પોતાનું નામ રાખવા માટે. અમે અમારા નવા પુસ્તક બનાવ્યા. અમે આટલા પુસ્તક બનાવ્યા. હોળી એક જ છે. ભાઈ! અને પછી કોઈ શેઠિયા આવે એને કહે, આ પુસ્તક પાંચ લઈ જાઓ. પાંચ-પાંચ લઈ જાઓ, એક રાખજો અને બીજા પ્રભાવના કરજો. આ જ ધંધો? ઓલા છોકરાના રાગનો ધંધો, તારે આ ધંધો. સમજાણું કાંઈ? હેં?

અહીં તો કહે છે, ભાઈ! પ્રભુ! તું અંતર નિર્વિકલ્પ વિકલ્પના શુભરાગ વિનાની ચીજ છે ને!

એના તને પ્રેમ નથી એના વિરુદ્ધના રાગના પ્રેમના ધંધામાં ફસ્યો (એમાં) ભગવાન તું ભૂલી ગયો. આહાહા..! સમજાણું કાંઈ? કેટલાક તો ધંધા માટે પુસ્તકો પણ રાખે. અમારા કરેલા આટલા પુસ્તક છે. એક એક સેટ લઈ જાઓ, એક એક સેટ લઈ જાઓ. તારે આ જ ધંધો છે? ઓલા લેનારે એમ કહે, ઓ..હો...! મહારાજે પ્રભાવના બહુ કરી. એ..

ભગવાન જ્ઞાનસ્વરૂપમાં અંતર એકાગ્ર થવું એ જ્ઞાનની પ્રભાવના છે. આ રાગ છે એ તો ખરેખર પુણ્યબંધનું કારણ છે. એના પ્રેમમાં ફસાવાથી ભગવાનઆત્મા અંદર ભૂલાઈ જવાય છે. (એ) ધંધો છોડ, એમ કહે છે. સમજાણું કાંઈ? એ વ્યવહાર છે એ ધંધો ખોટો છે, એમ અહીં કહે છે, ઈ કહે છે.

**'આ જ કારણ છે જેથી જીવ નિર્વાણ પામતા નથી...'** જુઓ! એ વ્યવહારના પુણ્યની ક્રિયાકાંડમાં ફસાણા. પોતે કરે, બીજાને કરાવે, કરતાને સંમત થાય. ઓ..હો..હો...! બહુ સારું કર્યું. પાંચ લાખ, દસ લાખ ખર્ચીને એક મંદિર કર્યું હોય (તો કહે) તીર્થંકરગોત્ર બંધાશે. ધૂળમાંય નહિ બાંધે, સાંભળને! પૈસા ખર્ચ્યા એમાં રાગ મંદ કર્યો હોય તો કદાચિત્ પુણ્ય થાય. એ પુણ્યમાં તીર્થંકરગોત્ર ન બાંધે, એ પુણ્યથી લાભ માને એ તો મિથ્યાદ્દષ્ટિ જીવ છે. સમજાણું કાંઈ? આહાહા..! શું છે? પુસ્તક છે કે નહિ? ઈ આવ્યું ને?

**'સકળ સંસાર શરીરમાં પ્રાપ્ત ઈન્દ્રિયોના વિષયોને તથા ભૂખ તરસના રોગ...'** એમાં પડ્યા છે. એ તો સ્થૂળ વાત કરે છે. કોઈ પરોપકારી ગુરુ એને મળે છે, કહે છે. **'સંભળાવવા ઈચ્છે છે તો તેના તરફ ધ્યાન દેતા નથી.'** ધ્યાન ન આપે. એ તો બધી નિશ્ચયની વાતું કરે છે, નિશ્ચયની વાતું કરે છે, (એમ કરીને) કાઢી નાખે. નિશ્ચય એટલે સાચી. વ્યવહાર એટલે આરોપિતખોટી. સાંભળને! એ તો નિશ્ચયની વાત કરે છે, લ્યો! આત્મા આવો ને આત્મા આવો, આત્મા આવો. કાંઈ કરવું નહિ? પણ શું કરવું? અંદર ઓળખાણ કરીને ઠરવું એ કરવું. આત્મામાં જ્ઞાન ને શ્રદ્ધા કરીને અંદર ઠરવું, એ કરવું. બીજું કરવું શું છે? આહાહા..!

કહે છે કે, **'મનરહિત પંચેન્દ્રિયને હિત-અહિતના વિચાર કરવાની શક્તિ નથી.'** તને કંઈક શક્તિ મળી તો તું પરમાં ઘૂસ્યો. સમજાય છે? નારકી જીવોનો ધંધો માર ખાવો અને બીજાને મારવા. એ ધંધાની વ્યાખ્યા કરી. **'માન કષાયની તીવ્રતાથી મનુષ્યોને પોતાની પ્રસિદ્ધિ કરવાની તીવ્ર ઈચ્છા (રહે છે).'** માનકષાય માટે તીવ્ર ઈચ્છા. માન આપો, અભિનંદન આપો, અમારું નામ રાખો, પાંચ લાખનું મકાન બનાવીને અમારું નામ રાખો. નામ રાખવું છે ને? રખડવાનું. નામ ખોવું નથી ને?

મુમુક્ષુ : બીજાને દાન કરવાની પ્રેરણા મળે.

ઉત્તર : શેનો પ્રેમ મળતો હતો? તને માન જોવે છે એમાં ક્યાં પ્રેમ આવ્યો? સમજાણું? કોઈ ધનાદિનો સંગ્રહ કરે. એવી વાત છે.

પછી 'આત્માનુશાસન'ની થોડી વાત છે. 'બાળવયમાં અંગ પરિપૂર્ણ હોતાં નથી તેથી અજ્ઞાની રહીને પોતાના હિત-અહિતનો વિચાર કરી શકતો નથી.' છે ને? 'યુવાનીમાં કામથી અંધ બનીને સ્ત્રીરૂપી વૃક્ષોથી ભરેલા વનમાં ભટકતો રહે છે. આધેડ ઉંમરે તૃષ્ણા વધારીને અજ્ઞાની પ્રાણી ખેતી આદિ કાર્યો દ્વારા ધન મેળવવાનું કષ્ટ પામ્યા કરે છે.' અને બહાર ત્યાગી થાય તો રાગાદિની ક્રિયામાં પડે. બધા એક જ જાતના ધંધા છે. 'એટલામાં ઘડપણ આવી જાય છે એટલે અધમરો થઈ જાય છે. ભલા ભાઈ! આપણે મનુષ્યજન્મ સફળ કરવા માટે નિર્મળ ધર્મ ક્યારે કરીએ છીએ?' હવે એને ધર્મ કરવાનો અવસર ક્યાં? એ વખત તો ગુમાવી દીધો. 'ટોડરમલ્લ' કહે છે ને? એક તો ખરેખરું ટાણું આવ્યું ત્યારે વ્યવહારધર્મમાં એણે વખત ગાળ્યો. વ્યવહારધર્મ એટલે રાગ ને પુણ્ય ને દયા ને દાન એમાં ગાળ્યો. (આત્માનો) નિશ્ચય કરવાનું, અનુભવનું ટાણું તો ચાલ્યું ગયું. સમજાણું કાંઈ? એ.. ભાઈ! ભારે આ.

શાસ્ત્રપાઠી.. જુઓ! આમાં લખ્યું છે, હોં! ગુરુ

પાસે સાંભળે પણ સમજે નહિ તો મીંડા છે, કહે છે. **'આત્મજ્ઞાન વિનાનું શાસ્ત્રપઠન પણ નિષ્ફળ છે.'** લ્યો, આવ્યું હવે. આ તારા શાસ્ત્ર ભણ પણ આ આત્મા શાસ્ત્રના ભણતરના વિકલ્પથી જુદો છે, એવા સમ્યક્‌ના અનુભવ વિના તારા શાસ્ત્રના પઠન પણ રણમાં પોક મૂકવા જેવા છે. આહાહા..! બહુ પણ આ તો કોઈને બધા કાઢી નાખે છે. ફોતરાં તો કાઢી જ નાખે ને!

**सत्थ पढंतह ते वि जड, अप्पा जे ण मुणंति।**
**तहिं कारणि ए जीव फुड ण हु णिव्वाणु लहंति।।५३।।**

જોયું? જડ કીધો, જડ. **'શાસ્ત્રો ભણવા છતાં જે આત્માને નથી ઓળખતા..'** શાસ્ત્રના ભણતર, આ કર્યું ને આ કર્યું ને આ કર્યું.. એ તો બધો વિકલ્પ છે, એ તો રાગ છે. શાસ્ત્રનું ભણતર તો પર તરફનું જ્ઞાન છે.

મુમુક્ષુ : પણ શાસ્ત્રમાં સાતમા ગુણસ્થાને અનુભવ લખ્યો છે.

ઉત્તર : ધૂળમાંય નથી લખ્યું એમાં. શાસ્ત્રમાં લખ્યું છે કે, ચોથે ગુણસ્થાને નિર્વિકલ્પ અનુભવ થાય. સમજાણું કાંઈ? આત્મામાં ચોથે ગુણસ્થાને સ્વરૂપાચરણ દશા પ્રગટે. આત્મામાં ચોથે ગુણસ્થાને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે, એમ ભગવાને કહ્યું છે. આઠમે કાંઈ લખ્યું નથી, કાઢે ઊંધા (અર્થ).

'**सत्थ पढं तह**' કીધું ને? જુઓને! **'કેટલાય વિદ્વાન અથવા સ્વાધ્યાય કરનારા વ્યાકરણ, ન્યાય, કાવ્ય, વેદક, જ્યોતિષ, ધર્મશાસ્ત્ર આદિ અનેક વિષયના શાસ્ત્ર જાણે છે, પરંતુ શુદ્ધ નિશ્ચયનયના વિષયઉપર લક્ષ આપતા નથી.'** લ્યો! ભગવાનઆત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ પરમાનંદ વિકલ્પ અને રાગ વિનાનો, એના ઉપર એ દૃષ્ટિ આપતા નથી, પુરુષાર્થ કરતા નથી. આહાહા..! જુઓ! અંદર ધર્મશાસ્ત્ર લખ્યું છે, હોં! આત્મજ્ઞાનથી બહાર રહે છે, જોયું? અધ્યાત્મજ્ઞાનથી બહાર રહે છે. અધ્યાત્મજ્ઞાનની ખબર ન પડે. આનું આ છે ને વ્યાકરણ આવું હોય, આનો શબ્દકોષ આવો હોય, આની આમ ધાતુ હોય ને આ ધાતુ હોય. તારી ચૈતન્યધાતુ કેવી છે એ તો નક્કી કર. ભાઈ! આરે.. આરે...! ભારે ઝાટક્યા છે, હોં! આ બાયું, નહિ? દાણા, સૂપડે ને દાણા? ઓલા સૂપડામાં ઝાટકે. પછી હેઠે મારે ધબ્બો. ઓલા જરી ફોતરા (હોય ઈ) ફડાક કાઢી નાખે. (એમ અહીંયાં કહે છે), આત્મા જ્ઞાનાનંદ પ્રભુ, એના ભાન વિનાના તારા ભણતર શા કામના? અને બીજાને ભણાવે બીજાને કાઢ ફોતરા, નીકળી જાશે. સમજાણું કાંઈ?

**'આત્મા જ નિશ્ચયથી પરમાત્મદેવ છે એવો અનુભવ તેમને નથી થતો. તેથી તેઓ પણ જડ...'** છે. આહાહા..! ભાષા જુઓને! એ શાસ્ત્રના ભણનારા પણ જડ. કેમ? કે, રાગ અને પરનું જ્ઞાન તે ચૈતન્ય નથી. ભગવાનઆત્મા પોતાના અંતરના મુખમાં જઈને ચૈતન્યનું અંતરજ્ઞાન કરે તેને ચૈતન્ય કહીએ. આહાહા..! આટલા પુસ્તક આણે બનાવ્યા, ફલાણા સાધુએ આટલા બનાવ્યા, બે લાખ (પુસ્તક) બનાવ્યા. પણ ધૂળ દસ લાખ બનાવે તો એ તો એણે રાગ કર્યો અને જડની ક્રિયા મેં બનાવી એ તો મિથ્યાત્વ કર્યું. પુસ્તક મેં બનાવ્યા એ માન્યતા જ મિથ્યાદૃષ્ટિની છે. પુસ્તક બનાવવા ઈ....? સમજાણું?

**'જિનવાણી ભણવાનું ફળ નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવાનો પ્રયાસ છે.' જુઓ! 'જિનવાણી ભણવાનું ફળ નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવાનો પ્રયાસ છે. એટલા જ માટે ચારે અનુયોગનો ગ્રંથો વાંચીને શાસ્ત્રીય વિષય જાણીને, મુખ્યપણે એ જાણવું જોઈએ કે આ જગત જીવાદિ છ દ્રવ્યોનો સમુદાય છે.'** એનાથી મારું તત્ત્વ જુદું છે. આત્મા અને જ્ઞાનને એમાંથી કાઢે તો એણે શાસ્ત્રમાં કહેલા ફળને જાણ્યું કહેવાય. આત્માને નિશ્ચયથી ન જાણે તો કાંઈ એણે જાણ્યું નથી. એ વિશેષ કહેશે...

(શ્રોતા : પ્રમાણ વચન ગુરુદેવ!)

## અષાઢ સુદ ૧૦, સોમવાર, તા.૨૭-૦૬-૧૯૬૬, યોગસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનું પ્રવચન, ગાથા-૫૩, પ્રવચન-૧૯

**सत्थ पढं तह ते वि जड अप्पा जेण मुणंति।**
**तहिं कारणि ए जीव फडु ण हु णिव्वाणु लहंति।।५३।।**

શાસ્ત્રને ભણવા છતાં એ શાસ્ત્રનો સાર આત્મા અનંત શુદ્ધ આનંદકંદ છે એનું સમ્યગ્દર્શન પ્રગટ કરવું જોઈએ અને એનો અનુભવ કરવો જોઈએ એ કરતો નથી અને એકલા શાસ્ત્રના વ્યાકરણ, વૈદક ને કાવ્ય ને ન્યાય ને જ્યોતિષ, ધર્મશાસ્ત્ર ભણે પણ અંતર સ્વરૂપ શુદ્ધ અભેદ (છે) એના ઉપર લક્ષ, દૃષ્ટિ અભેદ ઉપર ન કરે તો એના શાસ્ત્ર મંથનમાં કાંઈ સાર નથી. કહો, સમજાણું આમાં?

અધ્યાત્મથી બહાર રહે છે. અંતર સ્વરૂપ... વીતરાગના શાસ્ત્ર(નો) કહેવાનો (આશય) તો (એ છે કે) ભગવાનઆત્મા એક સમયમાં અભેદ પૂર્ણ વસ્તુ છે એનો અનુભવ કરવો, એનું જ્ઞાન કરી એની અંદરમાં એકાગ્ર થવું એ શાસ્ત્રનો સાર છે. શાસ્ત્ર ભણીને પણ એ ન કરે તો એ શાસ્ત્રના ભણનારાઓને જડ કહ્યા છે. જડ કહ્યું છે ને? ભણી ભણીને કરવાનું હતું એ તો કર્યું નહિ. શાસ્ત્રના ભણતરમાં રોકાઈ ગયો. જુઓ! અંદર છે, ઓલી કોર.

**'જડ જેવા જ આત્મજ્ઞાન વિનાના છે. જિનવાણી ભણવાનું ફળ નિશ્ચય સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરવાનો પ્રયાસ છે.'** જિનવાણી સાંભળીને, ભણીને, ધારીને ફળ તો એ છે કે, અંદર સ્વરૂપનો નિશ્ચય સમ્યક્ નિર્વિકલ્પ આત્માની પ્રતીત કરવી અને અનુભવ કરવો એ એનો સાર છે. એ કર્યું નહિ, એ વિના ક્રિયાકાંડ અને શાસ્ત્ર ભણતર કર્યા કરે એમાં કંઈ આત્માનું વળે નહિ. (એને) જડ કીધો, જડ. **'ચારે અનુયોગોના ગ્રંથો વાંચીને,...'** ચારે અનુયોગને ભણીને, છ દ્રવ્ય જાણીને, નવ તત્ત્વને જાણીને, પંચાસ્તિકાયને જાણીને. જાણીને અંદર કાઢવો તો છે આત્મા, એ આત્મા તરફનો અનુભવ અને દૃષ્ટિ નથી તો એ ચારે અનુયોગના ભણતરને બધાને અહીં જડ કહ્યાં. જેનું ચાર ગતિનું ફળ છે એને જડ કહ્યો છે. સમજાણું?

**'ભેદજ્ઞાનની કળા પ્રાપ્ત કરીને નિશ્ચય સમ્યગ્દર્શન પામવા માટે નિત્ય ભેદવિજ્ઞાનનું મનન કરવું.'** શાસ્ત્રને કહીને તો એ કહેવું છે ને કે, રાગ અને કર્મથી તારી ચીજ ભિન્ન છે અને તે આત્મા પોતાના અનંત સ્વભાવગુણથી અભિન્ન છે. સમજાણું કાંઈ? આત્મા અનંત ગુણ શુદ્ધ ચૈતન્ય, અતીન્દ્રિય આનંદ આદિ ગુણો આત્માના છે, એવા ગુણથી આત્મા અભિન્ન એક છે. અને રાગ, વિકાર, શરીરથી આત્મા ભિન્ન છે. એવા આત્માનું જો અંતર જ્ઞાન, નિર્વિકલ્પ વેદન અને ષ્ટિ ન કરી તો આ શાસ્ત્ર ભણ્યાનું ફળ એને કાંઈ નથી. આહાહા..! કહો, સમજાય છે આમાં કાંઈ? ભાઈ! શું કરવું? ઘંટી લાવીને ઘઉં દળવા. એને ખબર લાગે છે. આહાહા..!

કહે છે, ભાઈ! એ તો બહારની વસ્તુ છે. વસ્તુ સ્વરૂપ એક સમયમાં સચ્ચિદાનંદ સ્વરૂપ આત્મા છે. શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર આત્મા છે. એ આત્માનો અંતર અનુભવ કરવો અને દૃષ્ટિ કરીને લીન થવું એ જ આખા (જિનાગમનો સાર છે). શાસ્ત્ર ભલે ઓછા ભણ્યો હોય, વિશેષ આવડત ન હોય પણ કરવાનું આ છે, એ ન કર્યું હોય તો ભણીને એણે કર્યું શું? સમજાણું કાંઈ?

અહીં નીચે એણે થોડું લખ્યું છે. સમજાણું? **'અંદર આત્માનો સાક્ષાત્કાર થઈ જાય છે.'** જો અંતરમાં પ્રયત્ન કરે તો. **'આત્માનંદનો અનુભવ થાય છે ત્યારે જ મોક્ષમાર્ગનો પત્તો મળે છે.'** અંતરનો આત્મા જ્ઞાયક નિર્વિકલ્પ (છે) એમ પ્રતીતમાં આવતાં મોક્ષનો માર્ગ આ છે તેમ તેને પત્તો લાગી

જશે. એ વિના શાસ્ત્ર ભણવામાં કાંઈ પત્તો લાગશે નહિ. 'સર્વ શાસ્ત્રોના ભણતરનો હેતુ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ છે.' જુઓ! પહેલું આ લીધું. ઓલો કહે, ક્રિયા કરવી, વ્રત પાળવા એ શાસ્ત્રનું ફળ છે. અહીં તો કહે (છે), પહેલું સમ્યગ્દર્શન કરવું એ પહેલું ફળ છે. સમ્યગ્દર્શન પછી સ્વરૂપમાં સ્થિરતાચારિત્ર કરે એ તો ઉત્કૃષ્ટ વૈરાગ્ય છે, ઉત્કૃષ્ટ પુરુષાર્થ છે. પણ પહેલો આ બધું મળીને સમ્યગ્દર્શનનો લાભ જોઈએ. એને ન પામ્યા તો શાસ્ત્ર ભણવા કાર્યકારી નથી. શાસ્ત્ર ભણીને શું (કર્યું)? વાદવિવાદ કર્યા, બીજાને સમજાવ્યા અને બીજા પાસેથી ઘણી વાતું ધારી, પણ કરવાનું જે હતું એ તો કર્યું નહિ.

**'અનેક જીવો વ્યવહાર શાસ્ત્રમાં કુશળ થઈને વિદ્યાનો મદ કરીને ઉન્મત્ત થઈ જાય છે,...'** વ્યવહાર શાસ્ત્રમાં બાહ્યમાં કુશળ (હોય એ) મદ કરે, મદ. અમે ભણ્યા છીએ, અમને આવડે છે. સમજાણું કાંઈ? એને કાંઈ આવડતું નથી. એને સમજાવતા આવડતું નથી, બોલતા આવડતું નથી અને (કહે છે), અમને તો બધું આવડે છે. કહો, ભાઈ! આહાહા..!

મુમુક્ષુ : આવડતું હોય તો...?

ઉત્તર : શું આવડતું હોય તો? ધૂળ કહેવાય? ઈ આવડત કહેવાય? ઈ આવડત છે જ નહિ. આત્માનું અંતર નિર્વિકલ્પ શ્રદ્ધા અને વેદન કરવું એ આવડત છે. સમજાણું કાંઈ? હજારો લોકોને સમજાવવું કે લોકો પાસેથી વાતું ધારવી એ કાંઈ તાત્ત્વિક વાત નથી. ભગવાનઆત્મા અંતર આનંદકંદ સચ્ચિદાનંદ મૂર્તિ છે એને અંતરમાં વેદન કરી, નિર્વિકલ્પ આત્માનો સ્વાદ લેવો, અનુભવ કરવો એ આખું ફળ છે. એ કર્યું એણે બધું કર્યું. સમજાણું કાંઈ? એ કર્યું નથી એણે કાંઈ કર્યું નથી.

**'ઉન્મત્ત થઈ જાય છે, કષાયની મલિનતા વધારી દે છે.'** જુઓ! વધારી દે છે. કષાય અભિમાન વધે. મને આવડે છે, જુઓ! આને નથી આવડતું. જુઓ! આને આવડ્યું. આટલા બોલ અમને આવડ્યા. જવાબ દેતા અમને આવડે છે, અમે મોટા પંડિત ડાહ્યા છીએ. (એમ) મિથ્યા અભિમાન વધે. આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ (છે) એના અંતર ભાન વિના આવા ભણતર કષાયનો વધારો કરે. **'ખ્યાતિ, પૂજા, લાભના પ્રેમી થઈને...'** બહારમાં પ્રેમી છે, દુનિયામાં મોટો કહે. **'સાંસારિક વિષયકષાયની પુષ્ટિ માટે જ જ્ઞાનનો ઉપયોગ કરે છે. તેઓ કદી આધ્યાત્મિક ગ્રંથો વાંચતા નથી. કદી આત્માના શુદ્ધ સ્વરૂપનું મનન કરતા નથી.'** ભણે કદાચિત્ તોપણ અંદર મનન (કરતા નથી). અંતરમાં આનંદસ્વરૂપમાં વલણ કરીને નિર્વિકલ્પ દશા પ્રગટ કરવી એ કરતો નથી. **'તેમની અંદર સંસારનો મોહ ઘટવાને બદલે વધતો જાય છે.'** ઠીક લખ્યું છે. કેની કોર છે? ન્યાં (છે)? છે કે નહિ અંદર? છે.

'તેઓ આત્મજ્ઞાનનો પ્રકાશ પામ્યા વિના અજ્ઞાન અંધકારમાં જ જીવન વીતાવીને મનુષ્ય જન્મનું ફળ પામતા નથી.' અજ્ઞાનમાં, અજ્ઞાનમાં શાસ્ત્ર ભણ્યા, મોટપ લઈ વાદવિવાદ (કર્યા) પણ ભગવાનઆત્મા અતીન્દ્રિય આનંદનું સ્વરૂપ છે એને અંતર સમ્યગ્દર્શન દ્વારા, નિશ્ચય દ્વારા અનુભવ ન કરે તો એની આખી જિંદગી અફળ જાય. ધૂળેય નથી. દુનિયા લાખો માને કે ન માને એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

મુમુક્ષુ : ઘણા લોકો માને તો વધારે સારું.

ઉત્તર : એની સાથે શું કામ છે? માને ન માને એને ઘરે રહ્યું. સમજાણું કાંઈ?

**'શાસ્ત્રોનું જ્ઞાન તેમને માટે સંસાર વધારનાર બની જાય છે.'** ભાષા જુઓ! આત્મા અખંડ આનંદકંદની દૃષ્ટિના અનુભવ વિના એને શાસ્ત્રનું જ્ઞાન સંસારવૃદ્ધિનું કારણ થાય. જ્યાં ત્યાં અમને આવડે, આને નથી આવડતું, અમે આવું શીખ્યા. સમજાય છે? એની પોતાની બડાઈ આગળ બીજાની મોટપ સૂઝે નહિ. સમજાણું કાંઈ? 'નિર્વાણના માર્ગથી તેમને દૂર લઈ જાય છે.' લ્યો! સમજાણું? એ ૫૩ (ગાથા પૂરી) થઈ.



**પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પરમાગમસાર ગ્રંથના બોલ-૯૭૧ ઉપર થયેલ ભાવવાહી પ્રવચન, તા. ૦૬-૦૭-૧૯૮૫, પ્રવચન નં. ૫૮૦ (વિષય : વિધિ)**

**સાતને (તત્ત્વ) જાણ્યા વિના આત્માની શ્રદ્ધા થતી નથી. એક જીવને જાણતાં સાત આવી જાય છે. જીવ એકલો સામાન્ય નથી. પણ તેના વિશેષો સહિત છે. જીવ-અજીવ સામાન્ય છે, ને આસ્રવાદિ પાંચ તેના વિશેષો છે. આ જાણ્યા વિના અજ્ઞાની લોકો વ્રત-તપમાં ધર્મ માને છે. નય-નિક્ષેપ-પ્રમાણ દ્વારા રાગસહિત વસ્તુનું જ્ઞાન કરવું તે પ્રથમ યોગ્યતા છે. પછી સ્વભાવના લક્ષે રાગનો અભાવ થાય છે. આ પ્રયોજનભૂત રકમ છે. તે છૂટી જાય તો પછી કાંઈ પણ કાર્યકારી નથી. ૯૭૧.**

પાનું-૨૬૯, ૯૭૧. તત્ત્વાર્થ શ્રદ્ધાનં સમ્યગ્દર્શનમ્. એ વિષય ઉપર અહીંયાં સ્પષ્ટીકરણ છે. '**સાતને...**' એટલે '**સાતને (તત્ત્વ) જાણ્યા વિના આત્માની શ્રદ્ધા થતી નથી. એક જીવને જાણતાં...**' એટલે જીવમાં વિશેષો સહિત એક જીવને જાણતાં એની શુદ્ધાશુદ્ધ પર્યાયોમાં સાતેય તત્ત્વો આવી જાય છે.

શાસ્ત્ર વચનમાં એવું પણ આવે કે એક આત્માને જાણ્યો તેણે સર્વ જાણ્યું. તો એક આત્માને જાણવામાં જ ઉપયોગને લગાવવો, પુરુષાર્થને લગાવવો. પણ ત્યાં એવો નિષેધ નથી કે હેય-ઉપાદેય તત્ત્વને જાણ્યા વિના કોઈ સીધો આત્માને જાણે છે. અથવા કોઈ જીવને એવી રીતે શરૂઆત થતી નથી કે સીધું જ આત્મજ્ઞાન થાય અને એને અવસ્થામાંથી દોષ કાઢી અને શુદ્ધિ કરવાનો ભાવ ન હોય, હેતુ ન હોય, લક્ષ ન હોય એવી કોઈ જીવને શરૂઆત થતી નથી. એટલે શરૂઆતના વિષયમાં સૂત્ર સિદ્ધાંત એ છે કે 'પૂર્ણતાને લક્ષે શરૂઆત.' એ પૂર્ણતાના લક્ષમાં સંપૂર્ણ શુદ્ધિ, પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરવાનું જેનું લક્ષ છે. અહીંયાં લક્ષ એટલે જેને એ સાધ્ય કરવું છે. સાધ્ય અપેક્ષાએ લક્ષ છે અહીંયાં. એવું જેનું ધ્યેય છે એને વાસ્તવિક શરૂઆત થાય છે. તો એમાં હેય-ઉપાદેય આવી ગયું. શુદ્ધિ ઉપાદેય છે. સંવર, નિર્જરા, મોક્ષ આવી ગયા. અશુદ્ધિ હેય છે એમાં આસ્રવ, બંધ, પુણ્ય-પાપ આવી ગયા. એમ સાતેય તત્ત્વનો વિષય વચ્ચે આવે જ નહિ, કોઈપણ પ્રકારે; કોઈને નામ ન આવડે તિર્યંચ આદિને એ બીજી વાત છે, પણ એ વિષય ન આવે વચ્ચે અને કોઈને સીધું શુદ્ધાત્માનું જ્ઞાન થાય એમ બનતું નથી.

એવી રીતે જેને શુદ્ધાત્માનું જ્ઞાન થયું, જેને આત્માની શ્રદ્ધા થઈ એને સાત તત્ત્વનો વિસ્તાર હો વા ન હો પદ્ધતિસરનો, એ પદ્ધતિનું બંધન એને નથી. એને પદ્ધતિનું બંધન નથી. પણ જે પોતાના ઉપયોગને અનેક પ્રકારે બાહ્ય પ્રયોજનમાં ભમાવે છે, બાહ્ય

પ્રયોજનમાં જે અનેક પ્રકારે ઊંડા ઉતરીને પોતાના કાર્યની સિદ્ધિ માટે પુરુષાર્થ કરે છે એવો જ્ઞાનનો અને વીર્યનો ક્ષયોપશમ જેને છે એવા જીવને તો એવું ફરમાન છે કે પદ્ધતિસર તારે આ વિષયને સમજણમાં લઈને અંતર્મુખ થઈને શુદ્ધાત્માની શ્રદ્ધા-જ્ઞાન કરવા. એમ છે પદ્ધતિ.

એટલે '**સાતને (તત્ત્વ) જાણ્યા વિના આત્માની શ્રદ્ધા થતી નથી. એક જીવને જાણતાં...**' અહીંયાં વિશેષો સહિતનો જીવ લીધો છે. એક જીવને એટલે અહીંયાં જીવ સામાન્ય નથી લેવું. એક જીવને જાણતાં સાત આવી જાય છે. એટલે અહીંયાં સ્પષ્ટ કર્યું કે જીવ એકલો સામાન્ય નથી. એમ કહી દીધું '**પણ તેના વિશેષો સહિત છે.**' જ્ઞાનપ્રધાન વાત છે ને? એકલો સામાન્ય છે એ શ્રદ્ધાનો વિષય છે, એકલો સામાન્ય છે તે અવલંબનનો વિષય છે પણ એના વિશેષોના જ્ઞાનપૂર્વક એ અવલંબન આવે છે. એમ ને એમ સીધું કોઈને અવલંબન આવતું નથી એવો પૂર્વક્રમ હોવાથી, કોઈ એ પૂર્વ ક્રમને ઉડાવીને એમ કહે કે નહિ, અમારે સીધું આત્માનું શ્રદ્ધાન કરવું છે તો એમ બનતું નથી.

એટલે પૂર્વ ક્રમ છે એ પણ એક નિયત પરિસ્થિતિ છે. જેમ મોક્ષનો પૂર્વ ક્રમ છે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર. સમ્યગ્દર્શન, ત્યારપછી ચારિત્રમાં આંશિક અથવા જે પૂર્ણ વિરતિ છે અને મુનિદશા આદિ છે. ત્યારપછી સંપૂર્ણ શુદ્ધિ રૂપ મોક્ષ થાય. એવો જ પૂર્વ ક્રમ છે અને એ નિયત છે. અનાદિઅનંત એ નિયત છે. કોઈ એમ કહે કે અમારે સમ્યગ્દર્શનનું કાંઈ કામ નથી, અમારે મુનિદશામાં કાંઈ જરૂર નથી. આત્મામાં અમે તો હવે એવા જામી ગયા છીએ કે બહાર નીકળતા નથી. એટલે અમારો તો મોક્ષ જ છે. એમ પણ કદી મોક્ષ થતો નથી.

જે વિધિએ કાર્ય છે.. આ તો વસ્તુવિજ્ઞાન છે ને? આત્મપદાર્થનું આ વિજ્ઞાન છે એટલે જે વિધિએ કાર્ય થાય છે તે જ વિધિએ થાય છે. મોક્ષની પ્રાપ્તિ પણ જે વિધિએ થાય છે એ વિધિએ થાય છે. સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પણ જે વિધિએ થાય છે એ જ વિધિએ થાય છે. અનાદિઅનંત સર્વ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં એ સિદ્ધાંત અબાધિત રહે છે. ક્યારે પણ એમાં ફેરફાર થતો નથી.

ગુરુદેવ એ દૃષ્ટાંત આપતા કે શીરો ક્યારેય બીજી રીતે થતો નથી. જ્યારે શીરો કરવો હોય ત્યારે એના લોટને ઘીમાં શેકીને પછી ગોળના પાણીમાં શીરો કરવામાં આવે છે. એ પ્રક્રિયાની અંદર કોઈ ફેરફાર કરે તો શીરો ન થાય. બીજું ગમે તે થાય પણ શીરો ન થાય. કોઈ કાળે ફેરફાર ન થાય. હજાર વર્ષ પહેલા પણ એમ જ બને અને હજાર વર્ષ પછી, હજારો વર્ષ પછી પણ એમ જ બને.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એના ભાવ જોઈને આપે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- બને ત્યાં સુધી તો એને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ પછી જ આપે. પણ કોઈ એવો પ્રકાર પણ સંભવિત છે, અત્યંત વૈરાગી જીવ હોય, જેના પરિણામ ક્યાંય સંસારના કોઈ પ્રપંચમાં લાગતા ન હોય અને મુનિદીક્ષા અંગીકાર કરતા એના આત્માને સમ્યગ્દર્શન અને ચારિત્ર ધર્મ પણ પ્રાપ્ત થવાની સંભાવના જોતા હોય તો આપે. એમાં કાંઈ વાંધો નથી. પણ એ કોઈને માટે લાગુ પડે છે. સર્વસાધારણ એ માર્ગ નથી, જે અત્યારે સામાન્ય થઈ ગયું છે. સામાન્ય થઈ ગયું છે એનું કારણ કે સમ્યગ્દર્શન દીક્ષા દેનારને નથી અને દેનારને નથી એમ નહિ એને સમ્યગ્દર્શન કેમ થાય એની ખબર પણ નથી અને એ એમ માનીને બેઠા છે કે અમે તો ચારિત્રવંત છીએ. સમ્યગ્દર્શન વિના પણ અમે (ચારિત્રવંત છીએ). જો કે સમ્યગ્દર્શન નથી એમ એ માનતા નથી. સમ્યગ્દર્શન તો સામાન્ય છે અમારે પણ એ ઉપરાંત અમે ચારિત્રવંત છીએ. એમ ગૃહીત મિથ્યાદર્શનમાં પડ્યા પડ્યા બીજાને દીક્ષા આપવાનો જે વિષય છે એ તો બિલકુલ અનઅધિકૃત છે. હજી તો પોતે દીક્ષા-શિક્ષા લેવાનો પ્રકાર બાકી છે ત્યાં બીજાને દીક્ષા દેવી એ તો બિલકુલ અધિકાર બહારનો વિષય છે. એટલે અત્યારે જે ચાલે છે એ તો બિલકુલ ગડબડવાળી વાત છે. એની સરખામણી થાય એવું નથી. પણ કોઈ કાળમાં કોઈ જીવને વિષે એવી

સંભાવના છે. કેમકે દ્રવ્યલિંગી મુનિ નહિતર ન હોય. જો એમ ન થતું હોય તો દ્રવ્યલિંગી મુનિ કોઈ હોય નહિ. તો દ્રવ્યલિંગિ અને ભાવલિંગી વચ્ચેની ચર્ચા જ સમાપ્ત થાય છે. દ્રવ્યલિંગી મુનિ પણ હોય છે.

જે દ્રવ્યલિંગી મુનિ હોય છે નગ્ન દિગંબર, પંચ મહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણના પાલન કરવાવાળા, તો કોઈને ભાવલિંગ આવવાનું બાકી હોય છે અથવા કોઈ નથી પહોંચી શકતા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર સુધી અને છતાં કષાયની મંદતામાં રહીને નવમી ગ્રૈવેયક પર્યંત જાય છે. એવા પ્રકાર પણ ભજે છે. નથી બનતા એમ નથી. પણ વિચાર કરવાનો રહ્યો દરેકને પોતા માટે. ગમે તે પ્રકાર હોય. મને આત્મહિત અર્થે શું ઉપયોગી છે? મારે શું કામનું છે? મારે અંગીકાર કરવા યોગ્ય શું છે? એના ઉપર એનું લક્ષ હોવું જોઈએ. પછી વાંધો નથી. બાકી જાણવાના અનેક પ્રકાર છે એ બધા.

'**જીવ એકલો સામાન્ય નથી. પણ તેનાં વિશેષો સહિત છે.**' જુઓ! અહીંયાં જ્યાં તત્ત્વાર્થશ્રદ્ધાનં જ સ્થાપવું છે ત્યાં '**એકલો સામાન્ય નથી. પણ તેના વિશેષો સહિત છે.**' એમ વજન આપે છે. જ્ઞાન કરાવવાની વાત છે. અવલંબનનો વિષય તો એકલો સામાન્ય જ છે. પણ જે અવિધિએ ચાલવા માગે છે અને નિશ્ચયના આભાસમાં ચાલ્યો જાય એવું દેખાય છે ત્યારે જીવના વિશેષોને પણ જોરથી સ્થાપવામાં આવે છે. એને એ દવાની જરૂર છે એટલે એ સ્થાપવામાં આવે છે.

મુમુક્ષુ :- વિશેષોનું જ્ઞાન ન હોય અને સામાન્ય અવલંબન થાય?

પૂજ્ય ભાઈશ્રી :- થાય જ નહિ ને. કેવી રીતે થાય? વિશેષોનું જ્ઞાન નહિ, વિશેષની અંદર મારે નિર્દોષ થવું છે, સર્વશુદ્ધ થવું છે, પૂર્ણશુદ્ધ થવું છે અને એક દોષનો કણ પણ મારે ન જોઈએ એ અભિપ્રાયમાં આવ્યા વિના અને એ ધ્યેયમાં આવ્યા વિના સીધું સામાન્યનું નિર્દોષ સ્વતત્ત્વનું-નિજતત્ત્વનું સીધું અંતર્મુખી જ્ઞાન પ્રગટે એવું બનતું નથી. કેમ કે એ પદાર્થ જ ભાસતો નથી. જે ભૂમિકાના જ્ઞાનની નિર્મળતા છે એ અહીંયાં થાય છે. નિર્દોષતાની ભાવનામાં થાય છે, પૂર્ણતાની ભાવનામાં થાય છે.

હવે એ ભાવનામાં આવે નહિ ત્યાં સુધી એને અનાદિનો જે મતિદોષ છે, એનું જે જ્ઞાન દર્શનમોહ અને રાગાદિથી રંજિત છે એ મલિન જ્ઞાનદર્પણમાં પોતાનું જ સ્વભાવ-સ્વરૂપ પ્રતિભાસતું નથી. જ્ઞાનને પોતાનો જ સ્વભાવ ભાસતો નથી. જેને ભાસન ન થાય એને અવલંબન થાય એ વાત ક્યાં રહી પછી? ભાસન થતું નથી હજી તો. અવલંબનમાં આવવાનો તો એને સવાલ નથી. એમ છે. એટલે એ નથી થતું. એટલે એ ચોક્કસ પ્રકારની પરિસ્થિતિ છે.

જીવ '**તેનાં વિશેષો સહિત છે.**' સાતમા અધિકારમાં જ્યાં નિશ્ચયાભાસીનું વર્ણન લીધું છે ત્યાં પર્યાયને ઉડાવે છે ખોટી રીતે અવિધિએ એને ત્યાં એમ સ્થાપ્યું છે કે તું દ્રવ્ય.. દ્રવ્ય... દ્રવ્યની વાત કરે છે પણ દ્રવ્યનું તને જ્ઞાન છે? દ્રવ્ય શું ચીજ છે? અનાદિઅનંત પર્યાયોનો પિંડ તે દ્રવ્ય છે એમ કહી દીધું ત્યાં. ટોડરમલજીએ શું કહ્યું? દ્રવ્ય તો શું છે કે અનાદિઅનંત જે પર્યાયો થાય એનો પિંડ દ્રવ્ય છે. એ સિવાય શું બીજું છે તને ખબર છે? તું પર્યાયને માનતો નથી પણ દ્રવ્ય એટલે એકલી પર્યાયો જ છે એમ કહી દીધું. દ્રવ્ય એટલે એકલી પર્યાયો. એમ એટલું બધું ત્યાં પર્યાય ઉપર વજન આપ્યું. એણે પર્યાયનું પડખું ખોટી રીતે છોડી દીધું છે તો એને એમ સમજાવે છે. શુદ્ધાશુદ્ધ પર્યાયોનો પિંડ તે દ્રવ્ય છે એમ કહી દીધું. એટલે સાંગોપાંગ બરાબર એને પદાર્થનું જ્ઞાન થાય તો ખોટી ભ્રમણાએ ચડીને ભૂલ કરી બેસે નહિ.

'**જીવ એકલો સામાન્ય નથી.**' એટલે એમ કહ્યું આ આગમચેઠાજેઠા-આગમચેષ્ટા છે તે શ્રેષ્ઠ છે, જયેષ્ઠ છે. સ્વરૂપલક્ષે આગમનો પરિચય રાખવો અથવા આગમની પ્રવૃત્તિ રાખવી. કેમ કે છદ્મસ્થને ઉપયોગ સ્વરૂપમાં એકાકાર રહેવાનો સમય બહુ અલ્પ છે. જો અંતર્મુહૂર્ત, ઉત્કૃષ્ટ અંતર્મુહૂર્ત રહે તો તો કેવળજ્ઞાન થાય. પછી તો બહાર આવવાનો પ્રશ્ન નથી. પણ એ પહેલા જે ત્રુટક ત્રુટક આવે છે એનો કાળ બહુ અલ્પ છે અને બહાર રહેવાનો કાળ ઘણો છે. એમાં ચોથા-પાંચમા ગુણસ્થાને

તો ઘણો અંતરાળ છે શુદ્ધોપયોગને અને સવિકલ્પને. છઠ્ઠા-સાતમામાં પણ શુદ્ધોપયોગ કરતાં અશુદ્ધોપયોગનો કાળ ડબલ છે. શુદ્ધોપયોગમાં મુનિ રહે તેના કરતાં વિકલ્પમાં બમણો કાળ રહે છે. ત્યાં પણ ઓછામાં ઓછો બમણો છે. ઓછામાં ઓછો કે વધુમાં વધુ પણ એટલું જ પરિમાણ છે એનું. તોપણ છે તો ડબલને. તો ક્યાં ઉપયોગ લાગે? કે જે શુદ્ધાત્મામાં એને ઉપયોગ સ્થિર કરવો છે એવા શુદ્ધાત્માનું વિવરણ જે સાહિત્યમાં છે, આગમમાં છે ત્યાં એ ઉપયોગને લગાવે છે. બીજા અન્ય નિમિત્તોમાં એના ઉપયોગને એ લગાવતા નથી. આમ સામાન્ય પરિસ્થિતિ છે.

જીવ '**તેનાં વિશેષો સહિત છે. જીવ-અજીવ સામાન્ય છે, ને આસ્રવાદિ પાંચ તેના વિશેષો છે.**' જીવ અને અજીવ બે દ્રવ્ય લીધા સામાન્ય, તેનાં વિશેષોમાં પાંચેય પ્રકારના આસ્રવ, બંધ, સંવર, નિર્જરા અને મોક્ષ. કર્મ પરમાણુમાં પણ એ તત્ત્વો લીધાં અને જીવના ભાવમાં પણ એ પાંચેય તત્ત્વો લીધા. પરસ્પર મેળ જોઈને સદશ્યતા જોઈને બંનેના નામ એક સરખા અને નિમિત્ત-નૈમિત્તિક બંને પર્યાયો વચ્ચે સંબંધ રહેલો છે.

'**આ જાણ્યા વિના અજ્ઞાની લોકો વ્રત-તપમાં ધર્મ માને છે.**' શું છે કે ત્રણેય સંપ્રદાય, ફિરકા, સંપ્રદાયના ફિરકા જે અત્યારે વિદ્યમાન છે, એમાં જે પ્રવૃત્તિ જોવામાં આવે છે એમાં નવ તત્ત્વ આદિ તત્ત્વજ્ઞાન વિષયક પ્રવૃત્તિ ઘટી ગઈ છે અને લોકો વ્રત-તપની અંદર પોતાની શક્તિનો ઉપયોગ કરે છે. તો આ જાણ્યા વિના હેય-ઉપાદેયનું તાત્ત્વિક રીતે જ્ઞાન કર્યા વિના, સમજણ કર્યા વિના લોકો વ્રત-તપમાં ધર્મ માને છે, એ કરે છે અને એમાં ધર્મ માને છે કે આટલું તપ કર્યું એટલે એટલો ધર્મ થયો અથવા આ જે કાંઈ કરવામાં આવે છે એ બધા આરાધનના પ્રકારો છે. અનેકવિધ પ્રકારે જે ક્રિયાઓ કરવામાં આવે છે તેને આરાધના ગણવામાં આવે છે.

હેય-ઉપાદેય તત્ત્વોનું જ્ઞાન નથી, સમજણ નથી અને સીધી આરાધના થાય એવું તો કદી બનતું નથી. છતાં એને સંપ્રદાયોમાં આરાધના માનવામાં આવી છે.

મુમુક્ષુ :- આસ્રવ, બંધને સંવર-નિર્જરા માને છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઊંધું માને છે. ઊલટાનું ગૃહીત મિથ્યાત્વમાં જાય છે. આસ્રવ અને બંધ થાય છે શુભ પરિણામોમાં શુભ પ્રકૃતિનો. માને છે કે અમને સંવર થાય છે, નિર્જરા થાય છે અને આમ કરતાં કરતાં કદીક અમારો મોક્ષ થઈ જશે. એ તો દૂર જાય છે. ધર્મથી તો ઊલટા દૂર જાય છે. કેમ કે તત્ત્વને વિપરીત સાધે છે. જે હેય તત્ત્વો છે એને ઉપાદેયપણે સાધે છે. જાણે છે પણ એવું અને માને છે પણ એવું. એટલે કરે છે પણ એવું. એમ થાય છે. બેસી ગયા ને પુનમથી-ચૌદશથી? ચાતુર્માસ બેસી ગયા ને? એટલે ચાતુર્માસની આરાધના કરવાનું ચાલશે સંપ્રદાયમાં. એ ખરેખર આરાધનાનું સ્વરૂપ નથી.

મુમુક્ષુ :- આરાધનાનું સ્વરૂપ શું?

પૂજ્ય ભાઈશ્રી :- સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રાણી મોક્ષમાર્ગ. મોક્ષમાર્ગ એક જ આરાધન છે. સમ્યગ્દર્શનની તો ખબર નથી કે કેમ પ્રાપ્ત થાય અને કેવું હોય? સમ્યગ્જ્ઞાનનો વિષય શું છે? કયા પ્રકારે છે? એ સ્વરૂપની ખબર નથી. સીધું આરાધનાની વાત ચાલે છે. એ વાત તો કોઈ રીતે સફળ થાય એવું નથી.

મુમુક્ષુ :- આરાધના એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- આરાધના એટલે, રાધ એટલે સેવવું. આરાધ એટલે સારી રીતે સેવવું. અને અપરાધ એટલે માઠી રીતે સેવવું. મૂળ ધાતુ છે શબ્દનો સંસ્કૃતમાં એ રાધ ધાતુ છે. પછી બધા ઉપસર્ગ લાગે છે આરાધ ને અપરાધ ને એ બધા. પણ રાધ એટલે સેવવું. એવો એનો અર્થ છે.

એક ગાયું છે આમાં પદ છે. દેવચંદજીનું છે કે આનંદઘનજીનું છે. 'ભૃંગી ઈલિકાને ચટકાવે તે ભૃંગી જગ જોવે.' ઈલિકા એટલે ઇયળ. ભમરી ઇયળને ડંખ મારે છે એ એને સેવે છે. ઇંડાને સેવે છે કે નહિ મરઘી? જે ઇંડા મૂકતા પક્ષીઓ છે એ ઇંડાને સેવે છે તો ઇંડામાંથી પક્ષી થાય છે. એમ ને એમ ઇંડાને ફોડે તો અંદર કાંઈ પક્ષી નથી. એ તો આ તો બધા રસ નીકળી જાય છે. પણ એને સેવે છે અને અંદરથી એની પર્યાયાંતર થઈને

જીવ આવે છે બહાર. એવી જ રીતે ત્યાં એ વાત લીધી છે કે જે આરાધન કરે છે, સેવે છે, ત્યાં એવો જ ભાવ છે. આગલું પદ શું છે મને યાદ નથી. આગળનું પદ યાદ છે? આમાં શ્રીમદ્જીના પત્રોમાં આવે છે. ત્યાં એ વાત લીધી છે. ભમરી છે એ ઈયળને ડંખ મારે છે. ઈયળમાંથી ભમરી થાય છે. આમ તો ઈયળ બે ઇન્દ્રિય પ્રાણી છે, ભમરી ત્રણ ઇન્દ્રિય પ્રાણી છે. પણ એવો જ કોઈ પ્રકાર છે.

'**નય-નિક્ષેપ-પ્રમાણ દ્વારા રાગસહિત વસ્તુનું જ્ઞાન કરવું...**' રાગસહિત એટલે? જે રાગદશામાં ઊભો છે, જે સરાગદશામાં ઊભો છે એ સરાગદશામાં પ્રથમ નય-નિક્ષેપ-પ્રમાણ દ્વારા વસ્તુનું જ્ઞાન કરવું. તે સરાગદશાની '**પ્રથમ યોગ્યતા છે.**' તે પ્રથમ યોગ્યતા છે. એ પ્રાથમિક યોગ્યતાનું ઠેકાણું ન હોય અને સીધું આરાધન કરે તો? પાછો આરોપ એ લોકો એમ કરે કે તમે આ તત્ત્વજ્ઞાનની વાત કરો છો એ તો મોટી બી.એ. એલ.એલ.બી.ની છે અને અમે એકડીયા જેવા. અમને એ કાંઈ આવડે નહિ. પણ ભાઈ આરાધનાનો વિષય બી.એ. એલ.એલ.બી.નો છે. પ્રથમ તો એને નય-પ્રમાણ-નિક્ષેપ દ્વારા તત્ત્વની સમજણ કરવી એ એની પ્રાથમિક ભૂમિકા છે અને પ્રાથમિક યોગ્યતા છે.

આરાધનનો વિષય ઉત્કૃષ્ટ અને ઊંચો છે. શ્રદ્ધા-જ્ઞાનથી તો આરાધનાનો વિષય ઊંચો છે. ચરિતં ખલુ ધમ્મો. ચારિત્ર છે એ તો ખરેખર ધર્મ છે. સ્વરૂપ સ્થિરતારૂપ ચારિત્ર એ ચારિત્ર. એ ખરેખર ધર્મ છે. એ તો ઊંચો વિષય છે. તો કહે છે કે નહિ, એ અમારો એકડિયાનો વિષય છે અને આ સમજણ કરવી એ બી.એ. એલ.એલ.બી.નો વિષય છે. આમ ઊલટું-સુલટું ચાલે છે. જ્ઞાની-અજ્ઞાનીના જે ચાલવાના રસ્તા છે એ ઊલટા-સુલટા છે. એક રસ્તે ચાલતા મોક્ષે જવાય છે અને બીજા રસ્તે ચાલતા સંસાર પરિભ્રમણ અને પરંપરાએ નિગોદમાં જવાય છે. આ પરિસ્થિતિ થાય છે.

મુમુક્ષુ :- વસ્તુનું જ્ઞાન કરવું એટલે?

પૂજ્ય ભાઈશ્રી :- વસ્તુનું જ્ઞાન કરવું એટલે જીવ-અજીવ પદાર્થોનું એના વિશેષો સહિત જ્ઞાન કરવું. વસ્તુનું જ્ઞાન કરવું એટલે. આત્મામાં પુણ્ય શું? પાપ શું? સંવર શું? નિર્જરા શું? મોક્ષ શું? બંધ શું? એનું તાત્ત્વિક જ્ઞાન કરવું. જેમ કે સમયસારનો બંધ અધિકાર લીધો. તો ત્યાં બંધતત્ત્વનું નિરૂપણ કરતાં એમ કહ્યું કે રાગાદિ સાથે ઉપયોગનું જે એકત્વ થાય છે એ એકત્વમાં ઘણો રસ હોય છે ત્યારે થાય છે. તો એ જે રાગમાં હુંપણાની ભાવની જે ચીકાશ છે એ બંધતત્ત્વ છે. એમ લીધું. એટલે તો આસ્રવ અને બંધને જુદા પાડ્યા છે. આસ્રવ અને બંધને જુદા પાડ્યા છે.

કેમ કે અહીંયાં હેય-ઉપાદેયના દૃષ્ટિકોણથી નવ તત્ત્વનું નિરૂપણ છે. અને તેથી એક અજીવમાં પાંચ દ્રવ્યો લઈ લીધા. પુદ્ગલ દ્રવ્યો અનંતા, મહાન ક્ષેત્રથી અનંત છે એવું આકાશ, અસંખ્ય કાળાણુઓ લઈ લીધા અને ચૌદ બ્રહ્માંડમાં વ્યાપક છે એવા અસંખ્ય યોજનમાં વ્યાપક છે એવા ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય પાંચનું એક ખાતું બનાવ્યું. જો નવ ખાતા પાડીએ ખાતાવહીમાં ખતવવા માટે તો આ પાંચમાં પરમાણુની સંખ્યા અનંતી, કાળાણુની સંખ્યા અસંખ્ય, આકાશ ક્ષેત્રથી અનંત અને ધર્માસ્તિ, અધર્માસ્તિ અસંખ્ય યોજનના લોકવ્યાપક દ્રવ્યો એ પાંચને એક જ ખાતું આપ્યું. એટલે એક ખાતામાં ૨૦-૨૦ ટકા જગ્યા મળી દરેકને. પછી સંખ્યા ગણો તો કોને કેટલી મળી? એક પરમાણુને અનંતમાં ભાગે મળી. જીવને એક ખાતું આપ્યું જીવ સામાન્ય. જે પરમપારિણામિકભાવ પરમાત્વતત્ત્વ છે એને એક સુવાંગ ખાતુ આપ્યું. પછી એનો આશ્રય કરવા માટે જે એમાં ભેદ-પ્રભેદો પડે છે એના ત્રણ ખાતા પાડ્યા. સંવર-નિર્જરા અને મોક્ષ. શુદ્ધિનો પ્રારંભ થવો, શુદ્ધિની વૃદ્ધિ થવી અને શુદ્ધિની પૂર્ણતા થવી. તાત્ત્વિક દૃષ્ટિએ ત્રણ ભેદ પાડ્યા. અને જે હેય તત્ત્વ છે, અનાદિનો જીવ જેની અંદર રમી રહ્યો છે એવા પુણ્ય-પાપ, આસ્રવ અને બંધ અશુદ્ધ પર્યાયના ચાર તત્ત્વો પાડ્યા. એને ચાર ખાતામાં ખતવ્યા. એક ભાવને.

જીવના એક સમયના વિકારી પરિણામના ચાર ખાતા કરી નાખ્યા અને એને પૃથક્કરણ કરવા માટે એનું એનાલીસીસ કરે છે. આ કરે છે કે નહિ લેબોરેટરીની

અંદર માઈક્રોલોજિસ્ટ બધા? કે આમાં આ જંતુ કેટલા? આ જંતુ કેટલા? એક લોહીનું ટીપુ લે અને એમાં કેટલાય વિભાગથી એને જોવે. એમ જે અશુદ્ધિથી બચવું છે, જે રોગ અનાદિનો જીવને લાગુ પડ્યો છે અને જેનાથી એ રખડે છે, જેનાથી એને અનંત દુઃખમાં સબડવું થાય છે, જે દુઃખ જોયા જાય નહિ, ભોગવ્યા જવાનો ક્યાં સવાલ છે? જોયા જાય નહિ એવા દુઃખમાં જીવો છે. એનો નાશ કરવા માટે, એ રોગનો નાશ કરવા માટે એના ચાર પડખાંથી એને નવ તત્ત્વોમાં સ્થાન આપ્યું. નવમાં ચાર એના. અને શુદ્ધિના વિષયમાં ત્રણ પડખાં પાડ્યા. આ વસ્તુ, પહેલા પ્રાથમિક યોગ્યતામાં આ વસ્તુ ચારેય પડખેથી નય-નિક્ષેપ અને પ્રમાણ દ્વારા સમજ્યા વિના (એને કોઈ દિવસ ધર્મ થાય નહિ).

મુમુક્ષુ :- આસ્રવ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. કેમ કે પુણ્ય પણ આસ્રવ છે અને પાપ પણ આસ્રવ છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. આસ્રવના બે ભેદ. પુણ્યાસ્રવ અને પાપાસ્રવ. આસ્રવ સામાન્ય છે બંનેમાં. પણ તત્ત્વ દૃષ્ટિએ, પુણ્ય, પાપ, આસ્રવ અને બંધ એવા ચાર ભેદ છે. કેમ કે પુણ્યને પુણ્યતત્ત્વથી જોવું છે એનું તેપણું લેવું છે. પાપમાં પાપતત્ત્વનું પાપપણું જોવું છે. આસ્રવમાં આસ્રવવું-આવવું-આવવું-સ્રવવુ એ તત્ત્વને જોવું છે. અને બંધમાં અટકવું છે એને જોવું છે. પ્રતિબંધ થાય છે એ જોવું છે. ચાર. કેટલી સૂક્ષ્મ દૃષ્ટિ છે એની અંદર! જેમ માઈક્રોલોજિસ્ટમાં છે એવું આમાં છે. એક ભાવ, એક સમયનો એક ભાવ અને તત્ત્વ ચાર.

.. ત્રણ આ. ..અંશ છે એમાં ચાર ભેદ પડે અને જે શુદ્ધ અંશ છે એમાં ત્રણ ભેદ પડે, આંશિક મોક્ષની દૃષ્ટિએ. સમય એક જીવની એક સમયની પર્યાય અને સાત તત્ત્વો એમાં ઊભા થાય છે સાધકદશામાં તો. મિથ્યાદૃષ્ટિને ચાર છે. આસ્રવ, બંધ, પુણ્ય અને પાપ.

એવું **'વસ્તુનું જ્ઞાન કરવું તે પ્રથમ યોગ્યતા છે.'** કેવી રીતે માર્ગે ચડાય એ પણ જેમાં માર્ગનું નિરૂપણ કર્યું છે એવા આગમથી એ વાતને સમજવી જોઈએ. આમ તો વાણિયાની કોમ ચતુર ગણાય છે. કોઈ ગમે તેવો નફાવાળો વેપાર બતાવે તો ચારેય બાજુથી ચોક્સાઈ કર્યા પછી, પહેલાં જો ટ્રાયલ બેઝ ઉપર, નાના પાયા ઉપર કામ થતું હોય તો નાની એવી ટ્રાયલ કરી લે અનુભવ લેવા માટે. અને કાં તો કહે કે હું તમારે ત્યાં કામ કરવા શીખું, બેસું એમાં કાંઈ નાનપ નહિ. અને મને ફાવી જાય પછી ધંધો કરું. ભલે વાત નફાના ધંધાની છે, નફાવાળી વાત છે પણ નફામાં પણ નુકસાન થઈ જાય છે નફો કરવા જતાં. એવી ચાલાકી અને ચતુરાઈ એની સંસારમાં તો છે. અહીંયાં એમ ને એમ આંધળુકિયા જવા દે છે. જે શાસ્ત્રોમાં, જે પૂર્વાચાર્યો, પૂર્વજો છે એ તો બધા, જે પૂર્વજોએ જે વાત સંઘરી છે જ્ઞાનભંડારમાં એની સામું જોવાની દરકાર કર્યા વિના, એનો ઉકેલ કરવાની દરકાર, ઉકેલ લાવવાની દરકાર કર્યા વિના એમ ને એમ આંધળુકિયા ગાડરીયા પ્રવાહની જેમ ઝીંકે રાખે છે ધર્મના પ્રકરણમાં. તાવડી લેવા જાય અને જેટલી પરીક્ષા કરે એટલી પણ પરીક્ષા કરતા નથી. તાવડી કરતા સસ્તો બનાવ્યો ધર્મને. ક્યાં ગઈ વાણિયાની ચતુરાઈ? આ તો બહુ કિંમતી વિષય છે. બહારમાં રૂપિયા આના-પાઈ કરતાં ધર્મ છે એ તો વધુ કિંમતી ચીજ છે, ઉત્કૃષ્ટ તત્ત્વ છે, ઉત્કૃષ્ટ ભાવ છે. એમાં વધારેમાં વધારે ચોક્સાઈ કરવી જોઈએ.

એટલે તો આચાર્યોએ એ કહ્યું છે કે અમે આજ્ઞા પ્રધાનીને અમારો ખરો શિષ્ય કહેતા નથી. ટોડરમલજીએ વાત ચર્ચી છે. પરીક્ષા પ્રધાનીને અમે ખરો શિષ્ય કહીએ છીએ. એવી વાત કરી છે. માટે તું પરીક્ષા કર આ વિષયમાં, છંછેડીને વાતને નક્કી કર કે આમાં સત્ય શું છે? પછી પગલું ભરજે, ડગલું માંડજે કે હવે કઈ દિશામાં મારે જાવું છે. એમ ને એમ જો વેપાર કરવા જઈશ ઉપયોગનો તો નફો કરવાને બદલે મોટું નુકસાન કરી બેસીશ. આમ છે.

**'પછી સ્વભાવના લક્ષે...' 'વસ્તુનું જ્ઞાન કરવું તે પ્રથમ યોગ્યતા છે. પછી સ્વભાવના લક્ષે રાગનો અભાવ થાય છે.'** જેને જીવતત્ત્વમાં જીવસ્વભાવ સમજાય છે અને એ જીવમાં રહેલું અનંત ગુણોનું અનંત

સામર્થ્ય પણ સમજાય છે ત્યારે એનું લક્ષ એને બંધાય છે એનો એને અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય છે. અને એ વીતરાગી તત્ત્વના લક્ષે એને રાગનો અભાવ થવાની શરૂઆત થાય છે. એ સિવાય વીતરાગ ધર્મ પ્રાપ્ત થવાનો તો બીજો કોઈ પ્રકાર છે નહિ. ત્રણ કાળ ત્રણ લોકમાં બીજો કોઈ પ્રકાર નથી.

**'પછી સ્વભાવના લક્ષે રાગનો અભાવ થાય છે આ પ્રયોજનભૂત રકમ છે.'** આ નવ તત્ત્વનો વિષય હેય-ઉપાદેયના પ્રયોજનની દૃષ્ટિથી બધી પ્રયોજનભૂત રકમ છે. એની ઉપેક્ષા કરીને ધર્મની અંદર કાંઈ કરવા માગે તો થાય એવું નથી. **'તે છૂટી જાય...'** પ્રયોજનભૂત રકમ છૂટી જાય **'તો પછી કાંઈ પણ કાર્યકારી નથી.'** જે કાંઈ કરે એમાં કાંઈ કાર્યકારી નથી. બધું છાણ ઉપર લીપણા જેવું છે. એટલે રાખ ઉપર લીપણું કરવા જેવું છે. એનાથી કાંઈ વળે એવું નથી. એ ૯૭૧ થયો.

**('દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માંથી શ્રી નિહાલચંદ્ર સોગાનીજી દ્વારા સાધર્મીઓને લખાયેલ આધ્યાત્મિક પત્ર)**

સહેલાઈથી નાડી હાથ ન આવી. ઑપરેશન વગેરે થતાં ઈસ્પિતાલમાં રહેવું પડ્યું. આ અકસ્માત પછી આજે જ ઘરથી બહાર પહેલવહેલો જ નીકળ્યો છું.

કઈ રીતે આત્મા પોતાના તરફ પુરુષાર્થની વૃદ્ધિ કરવાનો પ્રયોગ કરે ? આપના પ્રશ્ન વિશે મારે તો એટલું જ લખવાનું છે કે, પ્રથમ યથાર્થ શ્રદ્ધાના સમયે શ્રદ્ધાના પર્યાયનો અખંડની તરફ ઝુકાવ અથવા લીનતાનો પુરુષાર્થ હોય છે. તેમાં કાળભેદ નથી અને યથાર્થ શ્રદ્ધામાં જે પુરુષાર્થનો પ્રયોગ છે, તે જ પ્રયોગની વારંવાર વૃદ્ધિ થતી રહે છે. આને વૃદ્ધિ માટેનો પુરુષાર્થ કહે છે. પહેલાના અને પછીના પુરુષાર્થના પ્રકારમાં કોઈ જાતનો ફરક હોતો નથી. આથી 'ગુરુદેવશ્રી' યથાર્થ સમજણ ઉપર વારંવાર જોર દેતા રહે છે. કારણકે પ્રથમ સમજમાં જ ભવિષ્યનો સમ્યક્ પુરુષાર્થ ગર્ભિત છે.

અખંડ જ્ઞાનઘન પુરુષાકાર શરીર, કર્મ, ભાવકર્મ અને શુદ્ધ પર્યાયથી પણ ગૂઢ એવું ચૈતન્યતત્ત્વ હું છું, આ જ મારું અસ્તિત્વ છે. એમાં શુદ્ધ પર્યાયનું અસ્તિત્વ પણ ગૌણ છે, એવી પ્રથમ યથાર્થ શ્રદ્ધાના પ્રસારની સાથોસાથ જ લીનતાનો પ્રથમ આત્માનુભવ થાય છે. લીનતાનો પુરુષાર્થ અથવા એમાં વૃદ્ધિ એ તો બધુંય પર્યાયનું કાર્ય છે. મારાપણું એટલે મારું અસ્તિત્વ અથવા વ્યાપકપણું તો કેવળ ત્રિકાળી જ્ઞાનઘન અખંડ ચૈતન્યમાં છે. આ દૃષ્ટિએ પર્યાયનો પુરુષાર્થ એ સહજ સ્વભાવ છે. પર્યાયની અપેક્ષાએ પુરુષાર્થ થયો, તેમાં વૃદ્ધિ થઈ - તેને પુરુષાર્થ કર્યો અથવા વૃદ્ધિ કરી - એમ કહેવાય છે. વાસ્તવિક રીતે ઉક્ત અસ્તિત્વપણાની અખંડ દૃષ્ટિના બળે પર્યાયોનો ક્રમ સહજ અખંડની તરફ વધતો રહે છે. પુરુષાર્થ વગેરેની (અધિક અથવા ઓછા પુરુષાર્થ વગેરેની) આ પર્યાયોમાં કોઈ ઉલટ ફેર કરવી પડતી નથી કારણ કે પર્યાયમાં તો મારી દૃષ્ટિના વિષયનું અસ્તિત્વ જ નથી કે હું તેમાં કંઈ કરી શકું, મારું અસ્તિત્વ તો ત્રિકાલીપણામાં છે.

આશા છે કે, હું મારો દૃષ્ટિકોણ વ્યક્ત કરી શક્યો છું.

**ધર્મસ્નેહી**
**નિહાલચંદ્ર સોગાની**

**ટ્રસ્ટના 'સ્વાનુભૂતિપ્રકાશ'ના આ ગુજરાતી અંક (જુલાઈ–૨૦૧૮)નું શુલ્ક એક મુમુક્ષુ, ભાવનગર તરફથી સાભાર પ્રાપ્ત થયું છે, જેના કારણે આ અંક બધા પાઠકોને મોકલવામાં આવ્યો છે.**



## પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચા

**પ્રશ્ન :-** આગમનો અભ્યાસ હોય?

**સમાધાન :-** આગમનો અભ્યાસ હોય. બધું વચ્ચે આવે, પણ તેમાં આટલું જ જાણવું અને આટલો જ અભ્યાસ હોવો જોઈએ અથવા આગમનો અભ્યાસ વિશેષ હોય તો જ સમજાય એમ નથી. આગમમાં શું કહેવું છે એમ આગમનો-ગુરુનો આશય સમજે તો પણ અનુભવ થઈ શકે. આશય સમજે તેમાં દ્રવ્ય-ગુણ-પર્યાય, સ્વ-પર ભેદજ્ઞાનનું સ્વરૂપ વગેરે બધા જ્ઞાનનો સમાવેશ થઈ જાય છે. સંક્ષેપથી કે વિસ્તારથી બધું જ્ઞાન તેમાં આવી જાય છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૪૪)**

❈

**પ્રશ્ન :-** સમવસરણમાં જે અસંખ્યાત પ્રાણીઓ જ્ઞાન પ્રાપ્ત કરે છે તે ભગવાનનો કહેવાનો મૂળભૂત હેતુ સમજી જતા હશે ને?

**સમાધાન :-** તેઓ ભગવાનનો આશય સમજી જાય છે. ભગવાનના સમવસરણમાં કેટલાક જીવો એકદમ સમજી જાય છે ને કોઈને સમજતાં વાર પણ લાગે છે. સમવસરણમાં ભગવાનની દિવ્યધ્વનિ છૂટતી હોય તે વખતે કેટલાક ક્ષણમાં સમ્યગ્દર્શન અને મુનિપણું આદિ બધું એકદમ પામે, જ્યારે કેટલાકને વાર પણ લાગે. ભગવાનની વાણીનું નિમિત્ત એવું પ્રબળ છે કે તે ઉપાદાન તૈયાર થવાનું એકદમ કારણ થાય છે. પણ પોતે તૈયાર થાય ત્યારે તે થાય. (પોતાનું ઉપાદાન તૈયાર હોય ત્યારે ભગવાનની વાણી નિમિત્ત થાય.)

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૪૫)**

❈

**પ્રશ્ન :-** કોઈ યોગ્યતાવાળો જીવ હોય તે આશય ગ્રહણ કરી શકતો હોય પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનું સ્વરૂપ ન જાણે, તો તે જ્ઞાયકને લક્ષમાં લઈને-અંતર્મુખ થઈને-પોતાનું કાર્ય કરી શકે?

**સમાધાન :-** તિર્યંચ હોય છે તેને પોતાનો દ્રવ્યસ્વભાવ ગ્રહણ થઈ જાય છે, અસ્તિત્વ ગ્રહણ થઈ જાય છે. મારું અસ્તિત્વ અનંત શક્તિથી ભરેલું છે તેમ તેને અંદરથી આવી જાય છે. તેને ગુણ કે પર્યાય શબ્દ આવડતો નથી, પણ હું એક ચૈતન્યદ્રવ્ય છું, મારું અસ્તિત્વ બધાથી જુદું છે; વિભાવ મારો સ્વભાવ નથી, વિકલ્પ થાય તે હું નથી-મારું સ્વરૂપ નથી એમ આશય સમજી જાય છે અને પોતાના સ્વભાવને ગ્રહણ કરી લે છે કે જાણનારો તે હું. હું જાણનારો કેવો છું? હું ખાલી જાણનારો છું એમ નહિ, પણ અનંતતાથી ભરેલો એવો જ્ઞાયક છું એમ આશય ગ્રહણ થઈ જાય છે. અનંતતા ને અચિંત્યતાથી ભરેલો એવો હું જ્ઞાયક છું એમ સ્વીકારતાં તેમાં અનંતગુણ સમાઈ જાય છે. તિર્યંચને પરિણતિ વગેરે શબ્દ નથી આવડતા, પણ જ્ઞાયકની ગંભીરતા ગ્રહણ કરે છે તેના ઊંડાણમાં બધો સમાવેશ થઈ જાય છે. અસ્તિત્વ, ગુણ, પર્યાય આદિ નામ નથી આવડતાં, પણ અંદર પોતાનું અસ્તિત્વ

ગ્રહણ કરે છે, સ્વભાવની ઓળખાણ કરે છે તેમાં બધું આવી જાય છે. આ શરીર તે હું નથી તેમ જ અંદર ખાવા-પીવાના વિકલ્પ આવે તે પણ મારું સ્વરૂપ નથી, તેનાથી હું જુદો છું એમ પોતાનું અસ્તિત્વ જાણે છે, આમ ભેદજ્ઞાન કરી તિર્યંચ પણ સમ્યગ્દર્શન પામે છે. હું આશ્ચર્યકારી વસ્તુ છું, અનંત ગંભીરતાવાળું અસ્તિત્વ છું એમ પોતાને ગ્રહણ કરે છે તેમાં ગુણ-પર્યાય આદિ બધાના જ્ઞાનનો સમાવેશ થઈ જાય છે.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૪૬)**

❈

**પ્રશ્ન :–** પોતાના અસ્તિત્વનો તિર્યંચને એટલો મહિમા આવે છે?

**સમાધાન :–** પોતાના જ્ઞાયકનું અસ્તિત્વ પોતે મહિમાથી ગ્રહણ કરે છે કે હું આ જ્ઞાયક કોઈ જુદો જ છું, અનંત સામર્થ્યથી ભરપૂર શક્તિવાળો હું પદાર્થ છું, આ તુચ્છ વિકલ્પ મારો સ્વભાવ નથી અને તેની અંદરમાં દ્રવ્ય-ગુણ-પર્યાયના સ્વરૂપના જ્ઞાનનો સમાવેશ થાય છે. તેને ન્યાય, દલીલ કે યુક્તિઓ આવડતી નથી, પણ અસ્તિત્વને ગ્રહણ કરે છે તેમાં બધું આવી જાય છે. હું જ્ઞાયક ધ્રુવ, કૂટસ્થ છું, પલટનારો નથી એવું કાંઈ શબ્દોમાં નથી આવડતું; પરંતુ હું મહિમાવાળો જ્ઞાયક છું અને પોતાના અસ્તિત્વને ધરનારો, પોતાના સ્વરૂપમાં રહેનારો તથા બહાર નહિ જનારો એવો મારો સ્વભાવ છે એમ તેને ગ્રહણ થઈ જાય છે. તેને નામ નથી આવડતાં, પણ આત્માને ગ્રહણ કરી તેમાં જ હું સ્થિર રહું તો આ બધું છૂટી જાય એવા બધા ભાવ ગ્રહણ કરી લે છે. નવતત્ત્વનાં નામ નથી આવડતાં, પણ હું આત્મા છું ને આ રાગાદિ વિભાવ છે તથા કોઈ જાતના વિભાવ પરિણામ મારો સ્વભાવ નથી એમ આત્માને ગ્રહણ કરી પોતામાં એકાગ્ર થવાનો પ્રયત્ન તેને થાય છે અને તેમાં બધું જ્ઞાન આવી જાય છે. પુણ્ય-પાપ, જીવ-અજીવ આદિ બધાનું જ્ઞાન સમાઈ જાય છે. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૪૭)**

❈

**પ્રશ્ન :–** જે જ્ઞાન સાથે આનંદ ન આવે તે જ્ઞાન નથી, અજ્ઞાન છે એમ વચનામૃતમાં આવે છે. તો તેનો વિશેષ ખુલાસો કરવા કૃપા કરશો.

**સમાધાન :–** જ્ઞાન સાથે આનંદ નથી તો તે યથાર્થ જ્ઞાન જ નથી. જેને સમ્યગ્દર્શન થાય, સ્વાનુભૂતિ થાય તેને જ્ઞાન સાથે આનંદ આવે જ. જો આનંદ ન આવે તો જ્ઞાન સમ્યક્રૂપે પરિણમ્યું જ નથી, એકલું લૂખું જ જ્ઞાન છે. જ્ઞાન સાથે આનંદની પરિણતિ જો પ્રગટ થઈ નથી તો તે જ્ઞાન નથી, અજ્ઞાન છે અને તે છૂટું પડ્યું નથી. ભેદજ્ઞાન થઈને અંદર સ્વાનુભૂતિ થાય તો તે જ્ઞાનની સાથે આનંદ આવ્યા વગર રહેતો નથી. જેમ જેમ આસ્રવથી નિવૃત્ત થતો જાય તેમ તેમ જ્ઞાનની દશા વધતી જાય છે અને જેમ જેમ જ્ઞાનદશા વધે તેમ તેમ આસ્રવથી નિવૃત્ત થતો જાય. સ્વાનુભૂતિ પ્રગટ થઈને જ્ઞાનદશા પ્રગટે તેની સાથે આનંદ હોવો જ જોઈએ. જો આનંદ નથી તો તે જ્ઞાનદશા યથાર્થ નથી. જ્ઞાન છૂટું પડીને-ન્યારું થઈને ભેદજ્ઞાનવાળું નથી, તો સમ્યક્જ્ઞાન જ નથી. તે વિચાર કરતો હોય તે જુદી વાત છે પણ તે સમ્યક્રૂપે પરિણમેલું જ્ઞાન નથી.

**(સ્વાનુભૂતિ દર્શન - ૬૪૮)**

❈

**પ્રશ્ન :–** તત્ત્વના વિચાર આખો દિવસ કરે, પણ ભેદ-અભ્યાસ ન કરે તો પણ અનુભવ થાય?

**સમાધાન :–** તત્ત્વના વિચાર કર્યા કરે, પરંતુ જ્યાં સુધી પરિણતિમાં રાગાદિથી એકત્વ છે અને ભેદજ્ઞાનનો અભ્યાસ નથી તો નિર્વિકલ્પ અનુભૂતિ પ્રગટતી નથી. ભેદજ્ઞાનનો અભ્યાસ કરે તો નિર્વિકલ્પ અનુભૂતિ થાય છે. કોઈને વિશેષ ટાઈમ લાગે ને કોઈને થોડો ટાઈમ લાગે, પણ ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા વગર-દ્રવ્ય ઉપર દૃષ્ટિ કર્યા વગર-નિર્વિકલ્પ અનુભૂતિ થતી નથી. **(સ્વાનુભૂતિ દર્શન - ૬૪૯)**

મુમુક્ષુતા પામે તે માટે પ્રયત્ન કરજો.'' અને તે માટે ઘણા પ્રકારે અપૂર્વ ઉપાય ટૂંકામાં તેમણે બોધ્યા હતા. પોતાની ઈચ્છા હાલ અપ્રગટ જ રહેવાની હોવાથી પરમાર્થ સંબંધમાં ઘણું કરીને તેઓ મૌન જ રહે છે. અમારા ઉપર એટલી અનુકંપા થઈ કે તેમણે એ મૌન વિસ્મૃત કર્યું હતું અને તે જ સત્પુરુષે આપનો સમાગમ કરવા અમારી ઈચ્છાને જન્મ આપ્યો હતો. નહીં તો અમે આપના સમાગમનો લાભ ક્યાંથી પામી શકીએ? આપના ગુણની પરીક્ષા ક્યાંથી પડે? એવી તમારી જિજ્ઞાસા બતાવજો કે અમને કોઈ પ્રકારે આપનાથી બોધ પ્રાપ્ત થાય અને અમને માર્ગની પ્રાપ્તિ થાય તો તેમાં તે જ્ઞાનાવતાર રાજી જ છે. અમે તેમના શિષ્ય થવાની ઈચ્છા રાખી હતી. તથાપિ તેમણે જણાવ્યું હતું કે પ્રગટ માર્ગ કહેવાની હાલ અમને ઈશ્વરાજ્ઞા નથી તો પછી તમે ગમે તે સત્સંગમાં જોગ્યતા કે અનુભવ પામો તેમાં અમને સંતોષ જ છે. આપના સંબંધમાં પણ તેમનો એવો જ અભિપ્રાય સમજશો કે અમે આપના શિષ્ય તરીકે પ્રવર્તીએ તોપણ તેમણે કહ્યું છે કે તમે મારા જ શિષ્ય છો. આપના પ્રત્યે તેમણે પરમાર્થયુક્ત પ્રેમભાવ અમને બતાવ્યો હતો. જો કે તેમને કોઈથી ભિન્નભાવ નથી. તથાપિ આપ પ્રત્યે સ્નેહભાવ કોઈ પૂર્વના કારણથી બતાવ્યો જણાય છે. મુક્તાત્મા હોવાથી વાસ્તવિક રીતે તેમને નામ, ઠામ, ગામ કાંઈ જ નથી; તથાપિ વ્યવહારે તેમ છે. છતાં તે અમને અપ્રગટ રાખવા આજ્ઞા કરી છે. આપનાથી તેઓ અપ્રગટપણે વર્તે છે. તથાપિ આપ તેમની પાસે પ્રગટ છો. અર્થાત્ આપને પણ હાલ સુધી પ્રગટ સમાગમ, નામ, ઠામ કંઈ તેમણે પ્રેર્યું નથી. ઈશ્વરેચ્છા હશે તો આપને થોડા વખતમાં તેમનો સમાગમ થશે એમ અમે ધારીએ છીએ.

એ પ્રમાણે પ્રસંગાનુસાર વાતચીત કરવી. કોઈ પણ પ્રકારે નામ, ઠામ, ગામ પ્રગટ ન જ કરવાં. અને ઉપર જણાવી છે તે વાત તમારે હૃદયને વિષે સમજવાની છે. તે પરથી તે પ્રસંગે જે યોગ્ય લાગે તે વાત કરવી. તેનો ભાવાર્થ ન જવો જોઈએ.

'જ્ઞાનાવતાર' સંબંધી તેમને જેમ જેમ ઈચ્છા જાગે તેમ વાતચીત કરવી. તેઓ 'જ્ઞાનાવતાર'નો સમાગમ ઈચ્છે તેવા પ્રકારથી વાતચીત કરવી. જ્ઞાનાવતારની પ્રશંસા કરતાં તેમનો અવિનય ન થઈ જાય તે ધ્યાન રાખજો. તેમ 'જ્ઞાનાવતાર'ની અનન્ય ભક્તિ પણ લક્ષમાં રાખજો.

મન મળ્યાનો જોગ લાગે ત્યારે જણાવજો કે તેમના શિષ્ય એવા જે અમે આપના શિષ્ય જ છીએ. અમને કોઈ રીતે માર્ગપ્રાપ્તિ થાય તેમ કહો. એ વગેરે વાતચીત કરજો. તેમ અમે કયાં શાસ્ત્રો વાંચીએ? શું શ્રદ્ધા રાખીએ? કેમ પ્રવર્તીએ? તે યોગ્ય લાગે તો જણાવો. ભિન્નભાવ કૃપા કરીને અમારા પ્રત્યે આપનો ન હો.

તેમનો સિદ્ધાંત ભાગ પૂછજો. એ વગેરે જાણી લેવાનો પ્રસંગ બને તોપણ તેમને જણાવજો કે અમે જે જ્ઞાનાવતાર પુરુષ જણાવ્યા છે તેઓ અને આપ અમારે મન એક જ છો. કારણ કે એવી બુદ્ધિ કરવા તે જ્ઞાનાવતારની અમને આજ્ઞા છે. માત્ર હાલ તેમને અપ્રગટ રહેવાની ઈચ્છા હોવાથી તેમની ઈચ્છાને અનુસર્યા છીએ.

વિશેષ શું લખીએ? હરીચ્છા જે હશે તે સુખદાયક જ હશે.

એકાદ દિવસ રોકાજો. વધારે નહીં. ફરીથી મળજો.

મળવાની હા જણાવજો. હરીચ્છા સુખદાયક છે.

જ્ઞાનાવતાર સંબંધી પ્રથમ તેઓ વાત ઉચ્ચારે તો આ પત્રમાં જણાવેલી વાત વિશેષે કરી દઢ કરજો.

ભાવાર્થ ધ્યાનમાં રાખજો. એને અનુસરી ગમે તે પ્રસંગે આમાંની તેમની પાસે વાત કરવા તમને છૂટ છે.

જેમ જ્ઞાનાવતારમાં અધિક પ્રેમ તેમને આવે તેમ કરજો. હરીચ્છા સુખદાયક છે.




**૧૬૭**

**મુંબઈ, કારતક સુદ ૧૨, રવિ, ૧૯૪૭**

**હરિ ઈચ્છા સુખદાયક જ છે.**

**નિર્વિકલ્પ જ્ઞાન થયા પછી જે પરમ તત્ત્વનું દર્શન થાય છે, તે પરમતત્ત્વરૂપ સત્યનું ધ્યાન કરું છું.**

ત્રિભોવનનું પત્તું અને અંબાલાલનું પત્ર પહોંચેલ છે.

ધર્મજ જઈ સત્સમાગમ કરવામાં અનુમતિ છે, પણ તે સમાગમ માટે તમારા ત્રણ સિવાય કોઈ ન જાણે એમ જો થઈ શકે તેમ હોય તો પ્રવૃત્તિ કરશો, નહીં તો નહીં. એ સમાગમ માટે જો પ્રગટતામાં આવે તેમ કરશો તો અમારી ઈચ્છાનુસાર થયું નથી એમ ગણજો.

ધર્મજ જવાનો પ્રસંગ લઈને જો ખંભાતથી નીકળશો તો સંભવ રહે છે કે તે વાત પ્રગટમાં આવશે. અને તમે કબીરાદિ સંપ્રદાયમાં વર્તો છો એમ લોકચર્ચા થશે, અર્થાત્ તે કબીર સંપ્રદાયી તમે નથી, છતાં ઠરશો. માટે કોઈ બીજો પ્રસંગ લઈ નીકળવું અને વચ્ચે ધર્મજ મેળાપ કરતા આવવું ત્યાં પણ તમારા વિષે ધર્મ, કુળ એ વગેરે સંબંધી વધારે ઓળખાણ પાડવું નહીં. તેમ તેમનાથી પૂર્ણ પ્રેમે સમાગમ કરવો; ભિન્નભાવથી નહીં, માયા ભાવથી નહીં, પણ સત્સ્નેહભાવથી કરવો. મલાતજ સંબંધી હાલ સમાગમ કરવાનું પ્રયોજન નથી. ખંભાતથી ધર્મજ ભણી વિદાય થવા પહેલાં ધર્મજ એક પત્ર લખવો; જેમાં વિનય સમેત જણાવવું કે કોઈ જ્ઞાનાવતાર પુરુષની ઈચ્છા આપનો સત્સંગ કરવા માટે અમને મળી છે જેથી આપના દર્શન માટે... તિથિએ આવશું. અમે આપનો સમાગમ કરીએ તે સંબંધી વાત હાલ કોઈ રીતે પણ અપ્રગટ રાખવી એવી તે જ્ઞાનાવતાર પુરુષે આપને, અને અમને ભલામણ આપી છે. તો આપ તે વાતને કૃપા કરી અનુસરશો જ.

તેમનો સમાગમ થતાં એકવાર નમન કરી વિનયથી બેસવું. થોડો વખત વીત્યા પછી તેમની પ્રવૃત્તિ-પ્રેમભાવને અનુસરી વાતચીત કરવી. (એક વખતે ત્રણ જણે, અથવા એકથી વધારે જણે ન બોલવું.) પ્રથમ એમ કહેવું કે આપે અમારા સંબંધમાં નિઃસંદેહ દૃષ્ટિ રાખવી. આપને દર્શને અમે આવ્યા છીએ તે કોઈ પણ જાતનાં બીજા કારણથી નહીં, પણ માત્ર સત્સંગની ઈચ્છાથી. આટલું કહ્યા પછી તેમને બોલવા દેવા. તે પછી થોડે વખતે બોલવું. અમને કોઈ જ્ઞાનાવતાર પુરુષનો સમાગમ થયો હતો. તેમની દશા અલૌકિક જોઈ અમને આશ્ચર્ય ઊપજ્યું હતું. અમે જૈન છતાં તેમણે નિર્વિસંવાદપણે વર્તવાનો ઉપદેશ કહ્યો હતો. સત્ય એક છે, બે પ્રકારનું નથી. અને તે જ્ઞાનીના અનુગ્રહ વિના પ્રાપ્ત થતું નથી. માટે મતમતાંતરનો ત્યાગ કરી જ્ઞાનીની આજ્ઞામાં અથવા સત્સંગમાં પ્રવર્તવું. જેમ જીવનું બંધન નિવૃત્ત થાય તેમ કરવું યોગ્ય છે અને તે માટે અમે ઉપર કહ્યાં તે સાધન છે. આ વગેરે પ્રકારે તેમણે અમને ઉપદેશ કર્યો હતો. અને જૈનાદિક મતોનો આગ્રહ મટાડી તે જેમ પ્રવર્તાવે તેમ પ્રવર્તવાની અમારી જિજ્ઞાસા ઉત્પન્ન થઈ હતી, અને હજુ પણ એમ જ વર્તે છે કે સત્યનો જ માત્ર આગ્રહ રાખવો. મતને વિષે મધ્યસ્થ રહેવું. તેઓ હાલ વિદ્યમાન છે. યુવાવસ્થાના પહેલા ભાગમાં છે. અપ્રગટપણે પ્રવર્તવાની હાલ તેમની ઈચ્છા છે. નિઃસંદેહસ્વરૂપ જ્ઞાનાવતાર છે અને વ્યવહારમાં બેઠા છતાં વીતરાગ છે. એ કૃપાળુનો સમાગમ થયા પછી અમને નિરાગ્રહણપણું વિશેષે કરીને રહે છે. મતમતાંતર સંબંધી વિવાદ ઊગતો નથી. નિષ્કપટભાવે સત્ય આરાધવું એ જ દૃઢ જિજ્ઞાસા છે. તે જ્ઞાનાવતાર પુરુષે અમને જણાવ્યું હતું કે :-"ઈશ્વરેચ્છા હાલ અમને પ્રગટપણે માર્ગ કહેવા દેવાની નથી. તેથી અમે તમને હાલ કંઈ કહેવા માગતા નથી. પણ જોગ્યતા આવે અને જીવ યથાયોગ્ય

**(અનુસંધાન પાના નં.૧૮ પર...)**